કોવિડ-૧૯ ની પરિસ્થિતિમાં સ્વ-નિર્ભર શાળાઓ દ્વારા વસૂલવાની થતી ફી બાબત.

**ગુજરાતસરકાર**

શિક્ષણવિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

ઠરાવ ક્રમાંક : બમશ/૧૨૨૦/૫૩/એફ.આર.સી. સેલ

તારીખ : ૦૭.૧૦.૨૦૨૦.

**વંચાણે લીધા :**

(૧) ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭.
(૨) શિક્ષણ વિભાગનો તા.૦૫.૦૬.૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૨૦/ ૧૯૨૯૩૧/ક.
(૩) PRAGYATA, Guidelines for Digital Education, MHRD તારીખ: ૧૪.૦૭.૨૦૨૦.
(૪) શિક્ષણ વિભાગનો તા:૧૬.૦૭.૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૨૨૦/૫૩/એફ.આર.સી. સેલ
(૫) નામ. ગુજરાત હાઇકોર્ટનો WP(PIL)64/2020, 114/2020, 89/2020અને 100/2020 વિથ સ્પે.સી.એ. 8819/2020 ના તા: ૩૧.૦૭.૨૦૨૦ નું કોમન ઓરલ જજમેન્ટ.
(૬) નામ. ગુજરાત હાઇકોર્ટનો MISC.CIVIL પીટીશન NO. 1 ઓફ 2020 વિથ સ્પે.સી.એ. 8819 ઓફ 2020 ના તા.૧૮.૦૯.૨૦૨૦ નું ઓરલ જજમેન્ટ.
(૭) સ્વ-નિર્ભર શાળા સંચાલક મંડળો/પ્રતિનિધિઓની તા: ૨૪.૦૯.૨૦૨૦ ની રજૂઆત.
(૮) વાલી મંડળો/પ્રતિનિધિઓની તા: ૨૪.૦૯.૨૦૨૦ ની રજૂઆત.

**પ્રસ્તાવના :**

સમગ્ર દેશમાં તાજેતરમાં ઉપસ્થિત થયેલ કોવિડ-૧૯ મહામારીને કારણે તારીખ: ૧૬.૦૩.૨૦૨૦ થી રાજ્યની તમામ શાળાઓ (સરકારી, ગ્રાન્ટ-ઇન-એઇડ, સ્વ-નિર્ભર) બંધ રાખવાની જાહેરાત કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકાર દ્વારા સમયાંતરે લૉક-ડાઉનની જાહેરાતો કરવામાં આવેલ હતી તે સંજોગોમાં શાળાઓ બંધ રાખવામાં આવેલ હતી. હાલની પરિસ્થિતિમાં પણ કેન્દ્ર સરકારના આ અંગેના નિર્દેશો મુજબ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવા પર પ્રતિબંધ છે.

કોવિડ-૧૯ની પરિસ્થિતીમાં શાળાઓ દ્વારા આપવામાં આવતા ઓનલાઇન શિક્ષણ અને સ્વ-નિર્ભર શાળાઓ દ્વારા વસૂલવાની થતી ફી બાબતે શિક્ષણ વિભાગ દ્વારા વંચાણે લીધા ક્રમાંક: (૪) મુજબનો તા.૧૬.૦૭.૨૦૨૦નો સમાન ક્રમાંક નો ઠરાવ બહાર પાડવામાં આવેલ હતો. આ બાબત નામ. ગુજરાત હાઇકોર્ટમાં વિચારણાધિન હતી. જે અન્વયે નામ. ગુજરાત હાઇકોર્ટના WP(PIL)64/2020, 114/2020, 89/2020 અને 100/2020 વિથ સ્પે.સી.એ. 8819/2020 ના તા.૩૧.૦૭.૨૦૨૦ ના કોમન ઓરલ જજમેન્ટમાં નિર્દેશો આપેલ હતા. જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના હોદ્દેદારો સાથે તા.૧૭.૦૮.૨૦૨૦ અને તા.૨૦.૦૮.૨૦૨૦ના રોજ બેઠકોનું આયોજન કરેલ હતું. ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા નામ. ગુજરાત હાઇકોર્ટમાં MISC.CIVIL પીટીશન NO. 1 ઓફ 2020 વિથ સ્પે.સી.એ. 8819 ઓફ 2020 દાખલ કરેલ. જેમાં નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા તા. ૧૮/૦૯/૨૦૨૦ ના રોજ "તમામ હિત ધારકોના હિતને ધ્યાનમાં રાખીને સંતુલિત અને યોગ્ય નિર્ણય લેવા રાજ્ય સરકારને આદેશ કરેલ" જે અન્વયે સ્વ-નિર્ભર શાળાઓની ફી નિર્ધારણ કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. આ વિચારણામાં વાલી મંડળો/પ્રતિનિધીઓ અને સ્વનિર્ભર શાળા સંચાલક મંડળો/પ્રતિનિધીઓ સાથે વિગતવાર વિચાર- વિમર્શ બાદ પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે:-

પરચુરણ
૫.૮/
+ FRC

જિ.શિ.અ. કચેરી, વડોદરા
પત્રની નોંધણી નંબર...૫૦૭...
તારીખ.૧૩/૧૦/૨૦૨૦
સહી.....

ઠરાવ:

૧. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં ગુજરાતમાં આવેલી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, CBSE, ICSE, IB તથા અન્ય બોર્ડ સંલગ્ન તમામ સ્વ-નિર્ભર શાળા કોઈપણ પ્રકારનો ફી વધારો કરી શકશે નહીં.

૨. શિક્ષણ વિભાગના તા.૧૭.૦૭.૨૦૧૮ના નોટીફીકેશનથી 'વૈકલ્પિક પ્રવૃત્તિઓ/સુવિધાઓ' માટેની ફી અંગે જોગવાઇ કરવામાં આવેલ છે જે મુજબ જે વિદ્યાર્થી આવી પ્રવૃત્તિનો લાભ લેતા હોય તેઓની પાસેથી જ તે માટેની 'ફી' વસૂલ કરી શકાય છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માટે 'વૈકલ્પિક પ્રવૃત્તિઓ/સુવિધાઓ' સહિત કોઇ જ ઇતર ફી શાળાઓ લઈ શકશે નહીં. જો કોઇ વાલીએ આ પ્રકારની 'વૈકલ્પિક પ્રવૃત્તિઓ/સુવિધાઓ' માટેની 'ફી' ભરી દીધી હોય તો તે વાલીને આગામી સમયમાં લેવાની થતી ફી સામે આવી વધારાની રકમ સરભર કરી આપવાની રહેશે.

3 શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માં રાજ્યમાં આવેલ તમામ સ્વ-નિર્ભર શાળાઓ માત્ર 'ટ્યુશન ફી' જ લઇ શકશે.

૩.૧ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે અગાઉના શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માં રાજ્યની સંબંધિત 'ફી નિયમન સમિતિ' દ્વારા નિયત કરવામાં આવેલ 'ટ્યુશન ફી' માં વંચાણે લીધા ક્રમાંક (૭) અને (૮) માં દર્શાવેલ પત્રોમાં તમામ સંબંધિત મંડળોએ આપેલ સંમતિના અનુસંધાને તમામ સ્વ-નિર્ભર શાળાઓએ ૨૫% ની રાહત આપવાની રહેશે. એટલે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે રાજ્યની સંબંધિત 'ફી નિયમન સમિતિ' દ્વારા નિયત કરવામાં આવેલ 'ટ્યુશન ફી' ના ૭૫% રકમ તમામ સ્વ-નિર્ભર શાળાઓ વાલી પાસેથી વસૂલ કરી શકાશે.

૩.૨ વાલી પોતાની અનુકૂળતાએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦/૨૦૨૧ માં ફી ની રકમ માસિક ધોરણે કે એકસાથે પણ ભરી શકશે. ફી ભરવામાં વિલંબ થાય તો શાળા વાલી/વિદ્યાર્થી પાસેથી કોઇ દંડ વસુલી શકશે નહીં. જો કોઇ વાલીએ ૧૦૦% 'ટ્યુશન ફી' એડવાન્સ ભરી હોય તો તે વાલીને આગામી સમયમાં લેવાની થતી ફી સામે આવી વધારાની રકમ સરભર કરી આપવાની રહેશે.

૪. શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ ના બીજા સત્રની તમામ ફી ની રકમ ( જો બાકી હોય તો) તેમજ વર્તમાન શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ ના પ્રથમ સત્રની કલમ નંબર: ૩.૧ માં ઠરાવ્યા પ્રમાણેની ફી ની ૫૦% રકમ તા: ૩૧.૧૦.૨૦૨૦ સુધીમાં ભરપાઇ કરી આપે તે ઇચ્છનીય રહેશે. પરંતુ અસામાન્ય સંજોગોમાં સમયમર્યાદામાં ફી ભરવા માટે કોઇ વાલી અક્ષમ હોય તો, તેમના દ્વારા શાળા સંચાલક સમક્ષ કારણો સહીતની રજૂઆત કરવામાં આવે તો શાળા સંચાલકે કેસ ટુ કેસ ગુણદોષને ધ્યાને લઈને સુચારૂ રીતે માનવીય અભિગમ દાખવીને નિર્ણય લઈને રજૂઆતનું હકારાત્મ નિવારણ લાવવાનું રહેશે.

૫. સદર ઠરાવ ગુજરાતમાં આવેલી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, CBSE, ICSE, IB તથા અન્ય બોર્ડ સંલગ્ન તમામ સ્વ-નિર્ભર શાળાઓને લાગુ પડશે.



Scanned by CamScanner

આ હુકમો સમાન ક્રમાંકની ફાઇલ પરની સરકારશ્રીની તા: ૦૭.૧૦.૨૦૨૦ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

(એચ. સી. પટેલ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

૧. માન. રાજ્યપાલશ્રી ના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્રદ્વારા)

૨. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,સ્વર્ણિમસંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.

૩. માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સ્વર્ણિમસંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

૪. માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગતસચિવશ્રી, સ્વર્ણિમસંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.

૫. માન. રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગતસચિવશ્રી, સ્વર્ણિમસંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

૬. મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્યસચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

૭. અધિક મુખ્યસચિવશ્રી(નાણા)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, બ્લોકનં.૪, નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૮. અગ્રસચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૯. સચિવશ્રી(પ્રા.શિ.અનેમા.શિ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૦.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૩, ગાંધીનગર.

૧૧. નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૨. નિયામકશ્રી, મધ્યાહન ભોજનની કચેરી, બ્લોક-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૩. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૪. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

૧૫. નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેક્ટર-૧૨, ગાંધીનગર.

૧૬. સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)

૧૭. સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (ગુ.મા. અને ઉ.મા.શિ બોર્ડ મારફતે)

૧૮, સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ મારફતે)

૧૯. સર્વે શાસનાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ મારફતે)

૨૦. સચિવાલયના સર્વે વિભાગો.(સંકલન શખા મારફતે)

૨૧. વિભાગની સર્વે શાખાઓ. (સંકલન શખા મારફતે)

૨૨. શાખા સિલેક્ટ ફાઇલ.

જાવક નં. ૨૧૨૬૫
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
સયાજીરાવ ભવન પાસે, કારેલીબાગ
વડોદરા. તા. ૧૪/૧૦/૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સ્વ-નિર્ભર શાળાઓ તમામ
જિ- વડોદરા

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા.

Scanned by CamScanner